# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

Ref No. PN 2024-25/101 Dt. 01/10/2024

તંત્રીશ્રી, _________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## SGCCI, NSDC અને ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેઈનિંગના સંયુક્ત ઉપક્રમે નેશનલ એપ્રેન્ટિસશિપ પ્રમોશન સ્કીમ વિષય પર વર્કશોપ યોજાયો

### એપ્રેન્ટિસશિપ માટે આવતાં યુવાઓ સાથે કરાર અવશ્ય કરવો જોઈએ, જેથી તેઓને અને કંપનીને સરકારની યોજનાનો લાભ મળેઃ ગાંધીનગરના આરએસડીઈડી વિભાગના જોઈન્ટ ડિરેક્ટર શ્રી કેતન પટેલ

### દેશમાં યુવાઓને કૌશલ્યવાન બનાવવું ખૂબ જ મહત્વનું છેઃ બોર્ડ ઓફ એપ્રેન્ટિસશિપ ટ્રેનિંગ (વેસ્ટ)ના આસિસ્ટન્ટ ડિરેક્ટર ડો. પ્રવીણ ઉકે

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન અને ડાયરેક્ટોરેટ જનરલ ઓફ ટ્રેઈનિંગના સંયુક્ત ઉપક્રમે સોમવાર, તા. 30 સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ, સાંજે ૦૪:૦૦ કલાકે, સેમિનાર હોલ-એ, સરસાણા, સુરત ખાતે

નેશનલ એપ્રેન્ટિસશિપ પ્રમોશન સ્કીમ વિષય પર વર્કશોપ યોજાયો હતો. જેમાં ગાંધીનગરના આરએસડીઈડી વિભાગના જોઈન્ટ ડિરેક્ટર શ્રી કેતન પટેલ, બોર્ડ ઓફ એપ્રેન્ટિસશિપ ટ્રેઈનિંગ (વેસ્ટ)ના આસિસ્ટન્ટ ડિરેક્ટર ડો. પ્રવીણ ઉકે, સુરતના રિજીયોનલ ડેપ્યુટી ડિરેક્ટર શ્રીમતી આશાબેન પટેલ અને એલ એન્ડ ટીના ટેકનિકલ ટ્રેઈનિંગ વિભાગના ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી રાજેશ પારેખે એપ્રેન્ટિસશિપ વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારત સરકાર દ્વારા નેશનલ એપ્રેન્ટિસશિપ પ્રમોશન સ્કીમ શરૂ કરવા પાછળના મુખ્ય ઉદ્દેશો રોજગારીની સુધારણા, ફાઇનાન્શિયલ ઇનસેન્ટીવ્સ અને સ્કીલ ડેવલપમેન્ટ હતા. ખાસ કરીને યુવાનોને ઉદ્યોગોની જરૂરિયાતોને અનુરૂપ તાલીમ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. ગુજરાતમાં અનેક ઉદ્યોગોએ આ સ્કીમને અપનાવી છે. આ સ્કીમ ગુજરાતમાં સ્કીલ ડેવલપમેન્ટ અને રોજગારી માટે મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે, આથી ગુજરાતને હવે ભારતના અન્ય રાજ્યો માટે મોડલ તરીકે ગણવામાં આવે છે.

શ્રી કેતન પટેલે એપ્રેન્ટિસશીપ ટ્રેડસ/કોર્સેસના પ્રકારો વિશે માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, એપ્રેન્ટિસશિપ માટે આવતાં યુવાઓ સાથે કોન્ટ્રેક્ટ અવશ્ય કરવો જોઈએ. જેથી તેઓને અને કંપનીને સરકારની યોજનાનો લાભ મળે. ગુજરાતમાં એનએપીએસ હેઠળ પોર્ટલ પર રજિસ્ટર્ડ એસ્ટાબ્લિશમેન્ટ સંસ્થાઓ ૨૮,૫૪૨ છે. તેમાંથી પોર્ટલ પર એક્ટિવ એસ્ટાબ્લિશમેન્ટ સંસ્થાઓની સંખ્યા ૪,૯૫૭ છે. જ્યારે એપ્રેન્ટિસિસ ઓન રોલ ૯૦,૪૬૩ છે. પોર્ટલ અનુસાર, રાજ્યમાં ઈનએક્ટિવ એસ્ટાબ્લિશમેન્ટની સંખ્યા ૨૩,૫૮૫ છે. તેમાં કુલ ૧૭, ૫૪, ૭૭૫ મેનપાવર કાર્ય કરી રહ્યું છે. તેમણે સુરતની ઈન્ડસ્ટ્રીઓ આ દિશામાં વધુ પ્રયાસ કરે તો બે લાખથી વધુ યુવાઓને એપ્રેન્ટિસશિપ પુરી પાડી શકે છે તેમ જણાવ્યું હતું. નેશનલ એપ્રેન્ટિસ સ્કીમ હેઠળ કેન્દ્ર સરકાર વતી રૂ. ૧૫૦૦ થી ૩૦૦૦ દરેક એપ્રેન્ટિસ દીઠ સંસ્થાઓને સ્ટાઈપેન્ડ સામે રિફંડ રૂપિયાની ચૂકવણી કરવામાં આવે છે તેનો લાભ લેવા શ્રી કેતન પટેલે આહવાન કર્યું હતું.

ડો. પ્રવીણ ઉકેએ જણાવ્યું હતું કે, ૩૦ થી વધુ કર્મચારી ધરાવતી સંસ્થાઓએ એનએટીએસ સ્કીલ ઈન્ડિયાનો મુખ્ય હેતુ ભારતની ડેમોગ્રાફિક પોપ્યુલેશન વર્કિંગ એજ (૧૮ થી ૬૦ વર્ષ)ની છે. તેથી દેશવાસીઓની સ્કિલીંગમાં વધારો કરીને મેન્યુફેક્ચરીંગ, સેવા ક્ષેત્રે, ઈનોવેશન ક્ષેત્રે

નવા આયામો હાંસલ કરી શકે છે. દેશમાં યુવાઓને કૌશલ્યવાન બનાવવું ખૂબ જ મહત્વનું છે. ગુજરાતમાં એનએટીએસ હેઠળ ગત ૫ વર્ષમાં ૩૧,૩૯૯ યુવાઓને એપ્રેન્ટિસશિપ આપી છે. એનએટીએસ હેઠળ ભારત સરકાર રૂ.૪૦૦૦ થી ૪૫૦૦ એપ્રેન્ટિસ દીઠ સંસ્થાને રિફંડ પેટે ચૂકવણી કરે છે, તેની જાણકારી આપી હતી અને ઈન્ડસ્ટ્રીના ઉદ્યોગ સાહસિકોને વધુને વધુ લાભ લેવા માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું.

શ્રીમતી આશાબેન પટેલે એમએટીએસ યોજનાની માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, ગત વર્ષે સુરત જિલ્લો રાજ્યમાં સૌથી વધુ એપ્રેન્ટિસ આપવાની યાદીમાં ત્રીજા ક્રમાંકે રહ્યું હતું. સુરત રિજીયનના સાત જિલ્લાઓ મળીને કુલ ૩૪,૦૦૦ એપ્રેન્ટિસને તાલીમ આપવામાં આવી હતી. યોજના હેઠળ વિવિધ કંપનીઓને પ્રતિ વર્ષ રિએમ્બર્સમેન્ટ કરવામાં આવે છે. તેમણે વધુમાં સુરતની ડાઈંગ ઈન્ડસ્ટ્રીમાં એપ્રેન્ટિસશિપ લેવામાં આવે તેવી અપીલ કરી હતી. ઈન્ડસ્ટ્રીમાં મહિલાઓને એપ્રેન્ટિસશિપ તરીકે કામ કરે છે, ત્યારે તેમને રૂ. એક હજાર વધુ સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. મુખ્યમંત્રી એપ્રેન્ટિસ પ્રમોશન્સ સ્કીમ હેઠળ દરેક તાલીમાર્થીઓ જેમને એનએપીએસનો લાભ મળતો હોય તેમને રૂ.૧૫૦૦ ની ચૂકવણી ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવશે.

ત્રણેય અધિકારીઓએ દરેક તાલીમાર્થીઓને પોતાના આધારકાર્ડને બેન્ક એકાઉન્ટથી જોડવા અને ડીબીટી ફેસિલિટી મેળવી લેવા આહ્વાન કર્યું હતું.

શ્રી રાજેશ પારેખે એલ એન્ડ ટીના બિઝનેસ સ્પેક્ટ્રમ વિશે માહિતી આપી હતી. સાથે જ એલ એન્ડ ટીના પ્રોડક્ટ પોર્ટફોલિયો, હેવી એન્જિનિયરીંગ ક્ષેત્રો અને એપ્રેન્ટિસશિપ ટ્રેઈનિંગ સેન્ટર વિશે સમજ આપી હતી. તેમણે હજીરા સ્થિત યુનિટમાં અત્યાર સુધી ૬૦૦૦ થી વધુ યુવાઓનું કેમ્પસ થકી સિલેક્શન કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલાએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. વર્કશોપમાં ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુક્લ અને વિવિધ ઉદ્યોગ સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા. એનસીડીસી (ગુજરાત)ના સીઈઓ શ્રી રાકેશ કુમારે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. અંતે ઉપસ્થિતોને મુંઝવતા તમામ પ્રશ્નોના વક્તાશ્રીઓ દ્વારા સંતોષકારક જવાબ આપવામાં આવ્યા હતા. ચેમ્બરની લેબર લો કમિટીના ચેરમેન શ્રી સોહેલ સવાણીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું તેમજ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.